**ગુજરાત યુનિવર્સિટી**
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯
ગુજરાત, ઇન્ડિયા
ફેક્સ:(૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન:૨૬૩૦૧૩૪૧-૦૩૪૨-૦૩૪૩-૦૧૨૬

NAAC Grade A+

**GUJARAT UNIVERSITY**
Office of the Gujarat University,
Post Box No. 4010, Navrangpura,
Ahmedabad-380009
Gujarat, India
www.gujaratuniversity.ac.in
Fax:(079) 26302654
Telephone:26301341-0342-0343-0126

R/Online/9455/2025 12/09/2025

પ્રતિ,
આચાર્ય શ્રી/ડાયક્ટર શ્રી/ અધ્યક્ષશ્રી,
તમામ ભવનો/તમામ ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમો/તમામ કોલેજો

વિષય – ગુજરાત યુનિવર્સિટી દ્વાર વિશ્વકક્ષાના ઓનલાઈન અભ્યાસક્રમો શરુ કરવા બાબત...

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુજીસી માન્યતા પ્રાપ્ત વિશ્વકક્ષાના નિચેની વિગત પમાણેના સંપૂર્ણ ઓનલાઈન અભ્યાસક્રમો શરુ કરવામાં આવ્યા છે

**સ્નાતક અભ્યાસક્રમો**

1. BA in English,
2. B Com General
3. BCA

**અનુસ્નાતક અભ્યાસક્રમો**

1. M A in English
2. M Com General
3. M Sc in Mathematics

ઉપરોક્ત અભ્યાસક્રમોમાં આપણી વેબસાઈટ https://online.gujaratuniversity.ac.in/ ની મુલાકાત લઈ પ્રવેશ મેળવી શકાય છે. આપણા રેગ્યુલર અભ્યાસ કરતા વિધ્યાર્થીઓ માટે તેમની યોગ્યતાના આધારે તેમને લાગુ પડતા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી યુજસી ડ્યુઅલ ડીગ્રી પ્રાવધાન મુજબ એક રેગ્યુલર અને એક ઓનલાઈ એમ બંન્ને અભ્યાસક્રમોમાં એકસાથે અભ્યાસ કરી તેમની કારકીર્દીને વધુ ઉજ્જવળ બનાવી શકવા માટેની આ એક અમુલ્ય તક છે. તો https://online.gujaratuniversity.ac.in/ ની મુલાકાત લઈ ગુજરાત યુનિવર્સિટીના ઓનલાઈન અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવા વિધ્યાર્થીઓને માહિતગાર અને પ્રોત્સાહિત કરવા આપશ્રીને જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે online@gujaratuniversity.ac.in પર સંપર્ક કરવો.

કા.કુલસચિવ શ્રી
ગુજરાત યુનિવર્સિટી

## ગુજરાત યુનિવર્સિટીના સંપૂર્ણ ઓનલાઈન અભ્સાક્રમોની વિશેષતાઓ નિચે મુજબ છે

- વર્ષમાં બે વાર પ્રવેશ
- વિશ્વના કોઈપણ ખુણેથી કોઈપણ વ્યક્તિ કે જે અભ્યાસક્રમની લઘુત્તમ લાયકાત ધરાવતા હશે તે પ્રવેશ મેળવી શકશે.
- વિદ્યાર્થીનો પ્રવેશ, અભ્યાસ, પરીક્ષા અને પરિણામ તમામ પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી થશે.
- યુજીસી માન્ય અભ્યાસક્રમો. આ અભ્યાસક્રમમાં અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીને ભારતની કે વિશ્વની કોઈપણ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા પાત્રતા મળશે.
- 30 ટકા ઈન્ટરનલ અને 70 ટકા એક્સટર્નલ પરીક્ષા હશે.
- પરિણામ સુધારણાનો વિકલ્પ પણ મળશે.
- સમયની જરૂરિયાત પ્રમાણે એડ ઓન સર્ટીફીકેટ કોર્સ પણ કરાવવામાં આવશે.
- સૌથી વધુ પરિણામ મેળવનારને ગોલ્ડ મેડલ અને અન્ય મેરીટ પ્રમાણપત્ર આપવામાં આવશે.
- વિદ્યાર્થીઓ ડ્યુઅલ કે જોઈન્ટ ડીગ્રી પણ મેળવી શકે છે. એટલે કે રેગ્યુલર અભ્યાસક્રમની સાથે ઓનલાઈન અભ્યાસક્રમાં પણ જોડાઈ શકે છે. બે અભ્યાસક્રમ એકસાથે કરી શકશે.
- ઓનલાઈન અભ્યાસક્રમો દ્વારા મેળવેલા પ્રમાણપત્રો ગુજરાત યુનિવર્સિટીના રેગ્યુલર અભ્યાસક્રમો સમકક્ષ રહેશે.
- આ ઓનલાઈન અભ્યાસક્રમો લાયકાત સુધારણા માટેની ઘણી તકો ઉભી કરશે.
- સેમેસ્ટર 1 અને 3 ના વિધ્યાર્થીઓ ભારતીય જ્ઞાન પરંપરા (IKS) ના વિષયનો ઓનલાઈન અભ્યાસ કરવામાટે https://online.gujaratuniversity.ac.in પર તેમનુ વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરાવી શકે છે.
- ઓનલાઈન 3 સ્નાતક અને 3 અનુસ્નાતક અભ્યાસક્રમોમાં માટે એડમીશન માટે પણ https://online.gujaratuniversity.ac.in પર તેમનુ વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરાવી શકે છે.